જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૮/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯૨/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી ૨૦૩ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૧,૦૭૦/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

### તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯૩/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ખુનની કોશીશ :- સમાચાર યાદી નં.૨૧૯૪/૧૪

**કાગડાપીઠ** : રવિન્દ્રકુમાર ઉર્ફે રવિ ઇશ્વરલાલ કોષ્ટી (ઉ.વ.૩૨)(રહે. મુરલીધર એપાર્ટમેન્ટ, જશોદાનગર કેનાલ પાસે, સી.ટી.એમ.) એ કાગડાપીઠ પોલીસ સમક્ષ મણીનગર, એલ.જી.હોસ્પીટલ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૮/૧૪ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે સુમેલ-૨ ની ગલી પાસે, આરોપી પિન્ટુ તથા તેના બિજા માણસોએ ભેગામળી રવિન્દ્રકુમાર અને તેના મિત્ર જયવિરભાઇ વજુભાઇ સોઢા(રહે.ઇશાનંદ સોસાયટી, સી.ટી.એમ.) ને ગડદાપાટુનો માર મારી તલવાર અને લોખંડની પાઇપથી માર મારી જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

### અપહરણ :- સમાચાર યાદી નં.૨૧૯૫/૧૪

**રામોલ** : હિરલબહેન અલ્પેશભાઇ પ્રજાપતિ (ઉ,વ.૧૬) (રહે.સુખરાય મહાદેવ સોસાયતી, ભવાની પાર્ટી પ્લોટની બાજુમાં, વસ્રાલ) ને તા.૨૨/૮/૧૪ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી જગદીશ શાંતીલાલ ઠાકોર (રહે.ઠાકોરવાસ રતનપુરા ગામ વસ્રાલ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ હિરલબહેનનાં પિતા અલ્પેશભાઇ પ્રજાપતિએ તા.૨૬/૮/૧૪ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. જી.કે.પંડ્યા ચલાવે છે.

**<u>ચેઇન સ્નેચીંગ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૯૬/૧૪</u>**

**બાપુનગર :** શર્મિષ્ઠાબહેન વાસુદેવભાઈ પટેલ (ઉ.વ. ૩૮)(રહે.કિશ બંગ્લોઝ, સ્યમ બંગ્લોઝની સામે, નિકોલ નવા નરોડા) તા.૨૬/૮/૧૪ બપોરનાં ૩/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર હિરાવાડી ચાર રસ્તા પાસે, સુહાન ગેસ્ટ હાઉસની સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) શર્મિષ્ઠાબહેનનાં ગળામાં હાથ નાંખી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શર્મિષ્ઠાબહેન પટેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૯૭/૧૪</u>**

**ચાંદખેડા :** મિતુલકુમાર અરવિંદકુમાર પટેલ (ઉ.વ.૩૪) (રહે.કલ્પનાનગર, જનતાનગરની સામે, ચાંદખેડા) એ કોઇ કારણસર તા.૨૫/૮/૧૪ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.ગજેરા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.